**<u>ફોર્મ–એ</u>**

GJAH100001962016

દાખલ તારીખ:૨૮/૦૪/૨૦૧૬
રજીસ્ટરે લીધા તારીખ:૨૮/૦૪/૨૦૧૬
ફેંસલ તારીખ: ૧૫/૦૫/૨૦૨૬
સમયગાળો : વર્ષ માસ દિવસ
૧૦ ૦ ૧૭

**વિરમગામના મહે. એડીશનલ ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ (શ્રી આર.બી.મારફતિયા) સાહેબશ્રીની કોર્ટમાં, તા.વિરમગામ, જી.અમદાવાદ.**

**ક્રીમીનલ કેસ નં.<u>૧૮૪૭/૨૦૧૬</u>**
**આંકઃ–૮૧**

**ગુનાની વિગત**

| | |
|---|---|
| ગુનાની કલમ: | ઇ.પી.કો.ની કલમ ૪૬૫,૪૬૭,૪૬૮,૪૭૧,૧૧૪ |
| પ્રથમ માહીતી અહેવાલ નં. | ફ.ગુ.ર.ગુ.નં. ૧૦૫/૧૫ |
| પોલીસ સ્ટેશન: | વિરમગામ રૂરલ પો.સ્ટે. |
| ફરીયાદપક્ષ: | શ્રી સરકાર |
| ફરીયાદપક્ષ તરફે: | વિ. એ.પી.પી.શ્રી એમ.એ.ઘાસુરા |

| | |
|---|---|
| આરોપી: | **(૧) નથ્થુભાઇ ભુરાભાઇ ભરવાડ (એબેટ)**<br>**રહે. ૧૦, પુરુષોતમનગર, રાધાસ્વામી રો હાઉસની બાજુમાં સુકલા સ્કુલની પાછળ, ચાંદલોડીયા, અમદાવાદ**<br>**(૨) રઈજીભાઇ ભુરાભાઇ ભરવાડ**<br>**(૩) પ્રભુભાઇ અંબારામભાઇ કોળી પટેલ**<br>**(૪) પોપટભાઇ શંકરભાઇ વાળંદ**<br>**(૫) રામસીંગભાઇ ભુરાભાઇ ભરવાડ**<br>**(૬) બાલુબેન ભુરાભાઇ ભરવાડ**<br>**તમામ રહે. લીયા ગામ, વિરમગામ, જી. અમદાવાદ** |
| આરોપીઓ તરફે: | વિ.વ.શ્રી આર.જે.અંસારી |

## <u>ફોર્મ–બી</u>

| | |
|---|---|
| **ગુનો બન્યાની તારીખ** | ૨૨/૦૯/૨૦૧૧ |
| **ફરીયાદની તારીખ** | ૨૭/૧૨/૨૦૧૫ |
| **ચાર્જશીટની તારીખ** | ૨૮/૦૪/૨૦૧૬ |
| **તહોમત ફરમાવ્યાની તારીખ** | ૧૧/૧૧/૨૦૧૯ |
| **પુરાવો શરૂ કર્યાની કર્યાની તારીખ** | ૨૫/૦૨/૨૦૨૬ |
| **ચુકાદો સંરક્ષિત રાખ્યાની તારી ખ** | ૧૨/૦૫/૨૦૨૬ |
| **ચુકાદાની તારીખ** | ૧૫/૦૫/૨૦૨૬ |
| **સજાના હુકમની તારીખ** | – |

## <u>આરોપીઓની વિગતઃ–</u>

| ક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર મુકત કરવામાં આવેલ હોય તો તેની તારીખ | કયા ગુનાનો આક્ષેપ છે? | નિર્દોષ છોડવામાં આવ્યો કે કસુરવાર | શું સજા કરી | **CRPC** ની કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમ્યાન |
|---|---|---|---|---|---|---|---|

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | **કેટલો સમય કાચા કેદી તરીકે રહેલા છે** |
| ૧. | **નથ્થુભા ભુરાભાઇ ભરવાડ (એબેટ)** | ૨૮/૧૨/૧૫ | ૬/૧/૧૬ | ઇ.પી.કો.ની કલમ ૪૬૫,૪૬૭,૪૬૮,૪૭૧,૧૧૪ | – | – | ધરપકડ તારીખથી જામીન મુકત તારીખ સુધી |
| ૨. | **રઇજીભાઇ ભુરાભાઇ ભરવાડ** | ૨૮/૧૨/૧૫ | ૬/૧/૧૬ | ઇ.પી.કો.ની કલમ ૪૬૫,૪૬૭,૪૬૮,૪૭૧,૧૧૪ | શંકાનો લાભ આપી છોડી મુકયા | – | – |
| ૩. | **પ્રભુભાઇ અંબારામ ભાઇ કોળી પટેલ** | ૨૮/૧૨/૧૫ | ૬/૧/૧૬ | ઇ.પી.કો.ની કલમ ૪૬૫,૪૬૭,૪૬૮,૪૭૧,૧૧૪ | શંકાનો લાભ આપી છોડી મુકયા | – | ધરપકડ તારીખથી જામીન મુકત તારીખ સુધી |
| ૪ | **પોપટભાઇ શંકરભાઇ વાળંદ** | ૨૮/૧૨/૧૫ | ૬/૧/૧૬ | ઇ.પી.કો.ની કલમ ૪૬૫,૪૬૭,૪૬૮,૪૭૧,૧૧૪ | શંકાનો લાભ આપી છોડી મુકયા | – | ધરપકડ તારીખથી જામીન મુકત તારીખ સુધી |
| ૫. | **રામસીંગભાઇ ભુરાભાઇ ભરવાડ** | ૧૨/૪/૧૬ | | ઇ.પી.કો.ની કલમ ૪૬૫,૪૬૭,૪૬૮,૪૭૧,૧૧૪ | શંકાનો લાભ આપી છોડી મુકયા | – | ધરપકડ તારીખથી જામીન મુકત તારીખ સુધી |
| ૬. | **બાલુબેન ભુરાભાઇ ભરવાડ** | ૧૨/૪/૧૬ | | ઇ.પી.કો.ની કલમ ૪૬૫,૪૬૭,૪૬ | શંકાનો લાભ આપી | – | ધરપકડ તારીખથી જામીન |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | ૮,૪૭૧,૧૧૪ | છોડી મુકયા | | મુકત તારીખ સુધી |

**–: નમુનો ક :–**

**–:: સાહેદોનુ લીસ્ટ ::–**

**અ. ફરીયાદપક્ષ તરફે સાહેદો::**

| અનુ.નં. | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ૧ | ૭૪ | બચીબેન કરમણભાઇ કોળી પટેલની જુબાની | ફરીયાદી |
| ૨ | ૭૫ | કંચનબેન કરશનભાઇ કોળી પટેલની જુબાની | સાહેદ |
| ૩ | ૭૬ | જશીબેન કરશનભાઇ કોળી પટેલની જુબાની | સાહેદ |

**:: દસ્તાવેજી પુરવાનુ લિસ્ટ ::**

**બ. ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ દસ્તાવેજ :**

| અનુ.નં. | આંક | વર્ણન |
|---|---|---|
| ૧ | ૫૦ | ફરીયાદ દાખલ કરી આગળની તપાસ હાથ ધરવા બાબતો પત્ર |
| ૨ | ૫૧ | સુચિપત્ર |
| ૩ | ૫૨ | ફરીયાદ |
| ૪ | ૫૩ | જીલ્લા જમીન તકેદારી સમીતીમાં ભરેલ ફોર્મ |
| ૫ | ૫૪,૫૬ | ગામ નમુનો નં.૭ની નકલ |
| ૬ | ૫૫ | ગામ નમુનો નં. ૬ હકકપત્રકની નકલ |
| ૭ | ૫૭ | રજી. વેચાણ દસ્તાવેજ અંગેનુ પંચનામુ |
| ૮ | ૫૮ | અરજદાર તથા સાહેદોના અંગુઠાના નમુના અંગેનુ પંચનામુ |
| ૯ | ૫૯ | ફીંગરપ્રિન્ટ બ્યુરો અમદાવાદને અંગુઠાની છાપોની ચકાસણી સારુ કરેલ પત્ર |
| ૧૦ | ૬૦ | સાહેદોના અંગુઠાના નમુના |
| ૧૧ | ૬૧ | સુચિપત્ર |
| ૧૨ | ૬૨ | ફીંગરપ્રિન્ટ બયુરોનો અભિપ્રાય |
| ૧૩ | ૬૩ | રજી.વેચાણ દસ્તાવેજ અસલ |
| ૧૪ | ૬૪ | ગામ નમુના નં. ૬ (નોંધ ફેરફાર નં.૧૮૯૯) |
| ૧૫ | ૬૫ | મરણનું પ્રમાણપત્ર |
| ૧૬ | ૬૬ | મામલતદાર વિરમગામનો ફોરવડીંગ લેટર |

| | | |
|---|---|---|
| ૧૭ | ૬૭ | વારસાઇ નોંધ ની અરજી |
| ૧૮ | ૬૮ | સોગંદનામાની નકલ |
| ૧૯ | ૬૯ | ગામ નમુના નં.૮ અ ની નકલ |
| ૨૦ | ૭૦ | પંચનામાની નકલ |
| ૨૧ | ૭૧ | પહોંચ |
| ૨૨ | ૭૨ | ૧૩૫ ડી મુજબની નોટીસની નકલ |
| ૨૩ | ૭૩ | ગામ નમુનો નં. ૬ (નોંધ નં. ૧૯૧૫) |

**<u>મુદ્દામાલઃ–</u>**

| **અનુ.નં.** | **મુદ્દામાલ** | **વર્ણન** |
|---|---|---|
| | **નીલ** | |

## <u>JUDGMENT</u>

**(૧)** આ કામે ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ ગઈ તા.૨૦/૧૧/૧૯૯૯ ના રોજ મોજે લીયાગામની સીમ એવી રીતે કે આ કામના ફરીયોદીની મોજે લીયાગામના સીમ બ્લોક નં.૧૮૭ ની હે.આરે.ચો.મી. ૨–૧૮–૫૩ ની જમીન પોતાના પિતા કરશનભાઇ નાગરભાઇના નામે આવેલ હતી જેઓનુ અવસાન થતા આ જમીનમાં વારસાઇ તરીકે ફરીયાદી તથા તેમના કુટુંબના માણસો ના નામે આવેલ હતી. જે જમીન આ કામના આરોપી નં.–૧ નાઓ તા.૦૧/૦૨/૨૦૦૦ ના રોજ મરણ ગયેલ છે.તે આરોપીએ ફરીયાદી તથા ખેડુત ખાતેદારોના ખોટા સહી–અંગુઠા કરાવી રજી.વેચાણ દસ્તાવેજ નં.૧૧૩૭/૯૯ તા.૨૦/૧૧/૯૯ ના રોજ થી આ જમીન આરોપી નં.૧ નાએ ખોટી વ્યક્તિઓ પાસેથી ખોટી રીતે દસ્તાવેજ કરાવી લઇ તેમજ આ જમીન રેવન્યુ રેકર્ડમા પોતાના નામે કરી લીધેલાનુ આરોપી નં.૨,૩,૪,૫ જાણતા હોવા છતા આરોપી નં.૨,૩,૪,૫ નાઓએ વારસાઇ નોંધ નં.૧૯૧૫ તા.૨૬/૦૨/૨૦૦૭ થી વારસાઇ હકકે પોતાના નામ આ જમીનમાં ખોટી રીતે દાખલ કરાવી આરોપી નં.૬,૭ નાઓએ દસ્તાવેજ લખી આપનારને તેઓ જાતે ઓળખે છે અને તેઓની ઓળખાણ આપે છે તે બાબતની દસ્તાવેજમાં

સબ રજીસ્ટાર રૂબરૂ સાક્ષી તરીકે સહીઓ કરી ખોટા વ્યકિતઓના સાચા તરીકે ઓળખ આપી ખોટો દસ્તાવેજ રજીસ્ટર કરાવી આરોપીઓએ ફરીયાદીની જમીન હડફ કરવા સારૂ ફરીયાદી સાથે ગુનાહીત વિશ્વાસઘાત કરી ગુનો કરવામાં એકબીજાએ મદદગારી કરી ગુન્હો કરેલ છે, તે મતલબની ફરીયાદ આ કામના ફરીયાદી બચીબેન ડો.ઓ. કરશનભાઇ નાગરભાઇની દીકરી તે કરમણભાઇ ભુદરભાઇ ની પત્નિઓએ લેખીતમાં વિરમગામ રૂરલ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવતા, વિરમગામ ટાઉન પોલીસે ગુના રજી.નં.ફર્સ્ટ ૧૦૫/૧૫ થી ઈ.પી.કો.ની કલમ–૪૬૫,૪૬૭,૪૬૮,૪૭૧,૧૧૪ મુજબ ની ફરીયાદ નોંધી, આ ગુનાની તપાસ કરનાર અમલદારે સદર ગુના અંગે તપાસ કુરી લાગતા વળગતા સાહેદોનાં નિવેદનો લઈ તથા દસ્તાવેજી પુરાવાના આધારે આરોપીઓ વિરુઘ્ધ પુરતો પુરાવો મળી આવતા ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ–૧૭૩(૨) મુજબનું ચાર્જશીટ ઈન્સાફી કાર્યવાહી માટે અત્રેની અદાલતમાં રજુ રાખેલ છે.

**(૨)** આ કામના આરોપીઓને સમન્સની બજવણી થતા તેઓ તેમના વકીલશ્રી મારફતે અનેની કોર્ટ સમક્ષ હાજર થતા, આરોપીઓને ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ ૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે પુરી પાડયાની ખાતરી કરી, મારા પુરોગામી સાહેબશ્રી ઘ્વારા ફોજદારી કાર્યવાહીના કાયદાની કલમ્ર ૨૪૦(૧) મુજબ આંક– ૧૨ થી તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે અને તહોમતનામા સંદર્ભે ફોજદારી કાર્યવાહીના કાયદાની કલમ ૨૪૦(૨) મુજબ આંક– ૧૩ થી ૧૮ સુધી આરોપીઓની પ્લી નોંધવામાં આવેલ છે. જેમાં આરોપીઓ દ્વારા તેઓના વિરુઘ્ધના તહોમતનો ઈન્કાર કરવામાં આવેલ છે. જેથી ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ–૨૪૨ મુજબ ફરીયાદપક્ષ તરફે આરોપી વિરુઘ્ધનું તહોમત પુરવાર કરવા માટે જરૂરી પુરાવા રજુ કરવા માટે હાલનો કેસ રાખવામાં આવેલ.

સદર કામે આરોપી નં.૧ નથ્થુભાઇ ભુરાભાઇ ભરવાડનાઓને વોરંટ ઇસ્યુ કરતા મરણ સદર આરોપી નં. ૧ મરણ ગયેલ હોવાના શેરા સાથે પરત ફરતા, આંક–૩૫ થી રજુ મરણના દાખલાને ઘ્યાને લેતાં આરોપી નં. ૧

સામેનો કેસ એબેટથી ફેંસલ કરવામાં આવેલ છે.

(૩) આ કામે ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન ફરીયાદ પક્ષ તરફે ઉપરોકત ફોર્મ સી મુજબનાં માખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

(૪) આ કામે ફરીયાદ પક્ષે ઉપર લખ્યા સિવાયનો અન્ય કોઈ માખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી અને આ કામે વિ.એ.પી.પી.શ્રી ધ્વારા ફરીયાદ પક્ષે આંક–૭૯ થી કલોઝીંગ પુરસીસ રજુ કરી વધુ કોઇ લેખિત કે મૌખિક પુરાવા રજુ કરવા નથી તેમ જણાવેલ છે.

(૫) ત્યારબાદ આ કામના આરોપીનાઓનુ, ઉપરોકત પુરાવાનાં અનુસંધાને ફોજદારી કાર્યવાહીનાં કાયદાની કલમ–૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવતા, આરોપીએ તેમની સામે રજુ થયેલ પુરાવાનો ઈન્કાર કરી, પોતે કોઈ પુરાવો રજુ કરવા માંગતા નથી અને તેઓ નિર્દોષ છે, તેમણે કોઈ ગુનો કરેલ નથી, તેમની સામે ખોટો કેસ કરવામાં આવેલ હોવાનું જણાવેલ છે.

(૬) આ કામે ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી એમ.એ.ઘાસુરા તથા બચાવપક્ષ તરફે વિ.વ.શ્રી ની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૭) ફરીયાદ પક્ષે રજુ કરેલો સમગ્ર પુરાવો ઘ્યાને લઈ હાલનાં કેસનાં ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–:: મુદ્દાઓ ::–**

| | |
|---|---|
| ૧. | શું ફરીયાદપક્ષ એ હકીકત નિશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ ગઈ તા.૨૦/૧૧/૧૯૯૯ ના રોજ મોજે લીયાગામની સીમ એવી રીતે કે આ કામના ફરીયોદીની મોજે લીયાગામના સીમ બ્લોક નં.૧૮૭ |

| | |
|---|---|
| | ની હે.આરે.ચો.મી. ૨–૧૮–૫૩ ની જમીન પોતાના પિતા કરશનભાઇ નાગરભાઇના નામે આવેલ હતી જેઓનુ અવસાન થતા આ જમીનમાં વારસાઇ તરીકે ફરીયાદી તથા તેમના કુટુંબના માણસો ના નામે આવેલ હતી. જે જમીન આ કામના આરોપી નં.–૧ નાઓ તા.૦૧/૦૨/૨૦૦૦ ના રોજ મરણ ગયેલ છે.તે આરોપીએ ફરીયાદી તથા ખેડુત ખાતેદારોના ખોટા સહી–અંગુઠા કરાવી રજી.વેચાણ દસ્તાવેજ નં.૧૧૩૭/૯૯ તા.૨૦/૧૧/૯૯ ના રોજ થી આ જમીન આરોપી નં.૧ નાએ ખોટી વ્યકિતઓ પાસેથી ખોટી રીતે દસ્તાવેજ કરાવી લઇ તેમજ આ જમીન રેવન્યુ રેકર્ડમા પોતાના નામે કરી લીધેલાનુ આરોપી નં.૨,૩,૪,૫ જાણતા હોવા છતા આરોપી નં.૨,૩,૪,૫ નાઓએ વારસાઇ નોંધ નં.૧૯૧૫ તા.૨૬/૦૨/૨૦૦૭ થી વારસાઇ હકકે પોતાના નામ આ જમીનમાં ખોટી રીતે દાખલ કરાવી આરોપી નં.૬,૭ નાઓએ દસ્તાવેજ લખી આપનારને તેઓ જાતે ઓળખે છે અને તેઓની ઓળખાણ આપે છે તે બાબતની દસ્તાવેજમાં સબ રજીસ્ટાર રૂબરૂ સાક્ષી તરીકે સહીઓ કરી ખોટા વ્યકિતઓના સાચા તરીકે ઓળખ આપી ખોટો દસ્તાવેજ રજીસ્ટર કરાવી આરોપીઓએ ફરીયાદીની જમીન હડફ કરવા સારૂ ફરીયાદી સાથે ગુનાહીત વિશ્વાસઘાત કરી ગુનો કરવામાં એકબીજાએ મદદગારી કરી, અને તે રીતે ઈ.પી.કો.ની કલમ–૪૬૫,૪૬૭,૪૬૮,૪૭૧,૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ? |
| ૨. | શું હુકમ ? |

(૦૮) ઉપરોકત મુદ્દાઓના મારા ન્યાયીક નિર્યણના કારણો નીચે મુજબ છે.

| | |
|---|---|
| ૧. | નકારમાં |
| ૨. | આખરી હુકમ મુજબ . |

**–:: કારણો ::–**

**<u>મુદ્દા નંબર :– ૧.</u>**

(૦૯) હવે ફરીયાદ પક્ષે રજુ કરવામાં આવેલ મૌખીક પુરાવાઓ ધ્યાને લેતા, આ કામે ફરીયાદપક્ષે **ફરીયાદી બચીબેન કરમણભાઈ કોળી પટેલને આંક– ૭૪** થી તપાસવામાં આવેલ છે.તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, મોજે લીયા ગામે બ્લોક નં.૧૮૭ ની જમીન તેમના પિતાજી કરશનભાઈ નાગરભાઈના નામે આવેલ હતી. જેથી તે જમીનમાં તેઓ ત્રણ બહેનો તથા તેમના બા દેવુબેન તથા ભાઈ મહાદેવના નામો દાખલ થયેલા ત્યારબાદ તેઓએ આ જમીન ભુરાભાઈ કમાભાઇને સને ૧૯૯૯માં વેચાણ આપેલી તે સિવાય બીજું કંઇ બનેલ નહી. તેમને જીલ્લા જમીન તકેદારી સમિતિમાં કોઈકે ફોર્મ ભરી આપેલું અને તેમને કોઈને વંચાવ્યા સિવાય ફકત અંગુઠા કરેલા તે સિવાય તેઓ બીજું કંઇ જાણતા નથી તેમને આંક–૫૩ બતાવવામાં આવે છે. જે તેમને જીલ્લા તકેદારી સમિતિમાં કરેલ અરજી છે. જેમા તેમનો અંગુઠો છે જે તેઓ ઓળખી બતાવે છે. તેમની પાસે પોલીસ આવેલી અને તેમણે તેઓને લખેલા કાગળમાં અંગુઠો કરવાનું કહેતા તેઓએ અંગુઠો કરેલો.તેમાં શું લખેલું હતું તેની તેઓએ ખબર નથી.તેઓને આંક–૫૨ વાળી ફરિયાદ બતાવવામાં આવે છે જેમાં તેઓનો અંગુઠો છે જે તેઓ ઓળખી બતાવે છે. પંચોની હાજરીમાં તેઓ ત્રણેય બહેનો અંગુઠાના નમુના લીધેલા હોય તેવું બનેલ નથી. આરોપીઓને તેઓ ઓળખે છે.

સદરહું સાહેદ ફરીયાદપક્ષની હકીકીતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રી દ્વારા સદરહું સાહેદને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસ કરવાની પરવાનગી માંગતા પરવાનગી આપવામાં આવેલ છે અને ત્યારબાદ વિ.એ.પી.પી.શ્રી એ તેઓને ઉલટતપાસમાં પુછી શકાય તેવાં પ્રશ્નો પુછેલ છે. પરંતુ તેઓ ફરીયાદપક્ષને મદદકર્તા પુરાવો મેળવી શકેલ નથી.

ત્યારબાદ ફરીયાદીની ઉલટત પાસ ધ્યાને લેતા, તેઓ જણાવે છે કે,તકેદારીની અરજીમાં શું લખેલું હતું તે તેમને ખબર નથી. આ કામના આરોપી સામે તેઓને કોઇ મનદુખ નથી અને હાલમાં તેઓને સારા સંબંધો છે.આ મિલકત બાબતે તેઓને કોઇ તકરાર નથી. ફરિયાદમાં તેમનો અંગુઠો લેવામાં આવેલ તેમાં શું લખેલું તે તેમને ખબર નથી. પોલીસે તેમની ફરિયાદ

જાતે લખી લીધેલી.તેમને વાંચી સંભળાવેલી નહી. આરોપીઓ ગામના હોવાના કારણે ઓળખે છે . પોલીસે કોઇ ઓળખ પરેડ કરાવેલ નથી.

(૧૦) ત્યારબાદ ફરીયાદપક્ષે **સાહેદ કંચનબેન કરશનભાઈ કોળી પટેલને આંક–૭૫ થી** તપાસવામાં આવેલ છે. તેમનો પુરાવો ધ્યાને લેતા,મોજે લીચા ગામે બ્લોક નં.૧૮૭ ની જમીન તેમના પિતાજી કરશનભાઈ નાગરભાઈના નામે આવેલ હતી. જેથી તે જમીનમાં તેઓ ત્રણ બહેનો તથા તેમના બા દેવુબેન તથા ભાઈ મહાદેવના નામો દાખલ થયેલા ત્યારબાદ તેઓએ આ જમીન ભુરાભાઈ કમાભાઇને સને ૧૯૯૯માં વેચાણ આપેલી તે સિવાય બીજું કંઇ બનેલ નહી.તેમની બહેન બચીએ જીલ્લા જમીન તકેદારી સમિતિમાં કોઈકે ફોર્મ ભરી આપેલું. તેઓની પાસે પોલીસ આવેલી અને તેમણે તેઓને લખેલા કાગળમાં અંગુઠો કરવાનું કહેતા તેઓએ અંગુઠો કરેલો.પોલીસે તેમનો જવાબ લીધેલો. તેમાં શું લખેલું હતું તેની તેમને ખબર નથી. પંચોની હાજરીમાં તેઓ ત્રણેય બહેનો અંગુઠાના નમુના લીધેલા હોય તેવું બનેલ નથી. આરોપીઓને તેઓ ઓળખે છે.

સદરહું સાહેદ ફરીયાદપક્ષની હકીકીતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રી દ્વારા સદરહું સાહેદને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસ કરવાની પરવાનગી માંગતા પરવાનગી આપવામાં આવેલ છે અને ત્યારબાદ વિ.એ.પી.પી.શ્રી એ તેઓને ઉલટતપાસમાં પુછી શકાય તેવાં પ્રશ્નો પુછેલ છે. પરંતુ તેઓ ફરીયાદપક્ષને મદદકર્તા પુરાવો મેળવી શકેલ નથી.

ત્યારબાદ સાહેદની ઉલટતપાસ ધ્યાને લેતા, તેઓ જણાવે છે કે, તકેદારીની અરજીમાં શું લખેલું હતું તે તેમને ખબર નથી. આ કામના આરોપી સામે તેઓને કોઇ મનદુખ નથી અને હાલમાં તેઓને સારા સંબંધો છે.આ મિલકત બાબતે તેઓને કોઇ તકરાર નથી. નિવેદનમાં તેમનો અંગુઠો લેવામાં આવેલ તેમાં શું લખેલું તે તેમને ખબર નથી. પોલીસે તેમનુ નિવેદન જાતે લખી લીધેલી.તેમને વાંચી સંભળાવેલી નહી. આરોપીઓ ગામના હોવાના કારણે ઓળખે છે . પોલીસે કોઇ ઓળખ પરેડ કરાવેલ નથી.

**(૧૧)** ત્યારબાદ ફરીયાદપક્ષે **સાહેદ જશીબેન કરશનભાઈ કોળી પટેલને આંક–૭૬ થી** તપાસવામાં આવેલ છે. તેમનો પુરાવો ધ્યાને લેતા,મોજે લીયા ગામે બ્લોક નં.૧૮૭ ની જમીન તેમના પિતાજી કરશનભાઈ નાગરભાઈના નામે આવેલ હતી. જેથી તે જમીનમાં તેઓ ત્રણ બહેનો તથા તેમના બા દેવુબેન તથા ભાઈ મહાદેવના નામો દાખલ થયેલા ત્યારબાદ તેઓએ આ જમીન ભુરાભાઈ કમાભાઈને સને ૧૯૯૯માં વેચાણ આપેલી તે સિવાય બીજું કંઇ બનેલ નહી.તેમની બહેન બચીએ જીલ્લા જમીન તકેદારી સમિતિમાં કોઈકે ફોર્મ ભરી આપેલું. તેઓની પાસે પોલીસ આવેલી અને તેમણે તેઓને લખેલા કાગળમાં અંગુઠો કરવાનું કહેતા તેઓએ અંગુઠો કરેલો.પોલીસે તેમનો જવાબ લીધેલો. તેમાં શું લખેલું હતું તેની તેમને ખબર નથી. પંચોની હાજરીમાં તેઓ ત્રણેય બહેનો અંગુઠાના નમુના લીધેલા હોય તેવું બનેલ નથી. આરોપીઓને તેઓ ઓળખે છે.

સદરહું સાહેદ ફરીયાદપક્ષની હકીકીતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રી દ્વારા સદરહું સાહેદને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસ કરવાની પરવાનગી માંગતા પરવાનગી આપવામાં આવેલ છે અને ત્યારબાદ વિ.એ.પી.પી.શ્રી એ તેઓને ઉલટતપાસમાં પુછી શકાય તેવાં પ્રશ્નો પુછેલ છે. પરંતુ તેઓ ફરીયાદપક્ષને મદદકર્તા પુરાવો મેળવી શકેલ નથી.

ત્યારબાદ સાહેદની ઉલટતપાસ ધ્યાને લેતા, તેઓ જણાવે છે કે, તકેદારીની અરજીમાં શું લખેલું હતું તે તેમને ખબર નથી. આ કામના આરોપી સામે તેઓને કોઈ મનદુખ નથી અને હાલમાં તેઓને સારા સંબંધો છે.આ મિલકત બાબતે તેઓને કોઈ તકરાર નથી. નિવેદનમાં તેમનો અંગુઠો લેવામાં આવેલ તેમાં શું લખેલું તે તેમને ખબર નથી. પોલીસે તેમનુ નિવેદન જાતે લખી લીધેલી.તેમને વાંચી સંભળાવેલી નહી. આરોપીઓ ગામના હોવાના કારણે ઓળખે છે . પોલીસે કોઈ ઓળખ પરેડ કરાવેલ નથી.

**(૧૨)** આ કામે ફરીયાદપક્ષે આરોપી વિરુધ્ધનું તહોમત પુરવાર થાય છે કે કેમ? તે માટે ફરીયાદ પક્ષના પુરાવાનું મુલ્યાંકન કરીએ તે પહેલા ભારતીય દંડ સંહિતાની કલમ– ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૧૪ ની

કાયદાકીય જોગવાઈઓ લક્ષમાં લેતા,

**ભારતીય દંડ સંહિતાની કલમ–૪૬૫ :** ખોટો દસ્તાવેજ બનાવવાનાં ગુના માટે શિક્ષા:–

જે કોઈ વ્યકિત ખોટો દસ્તાવેજ બનાવવાનો ગુનો કરે, તેને બે વર્ષ સુધીની બે માંથી કોઈ પ્રકારની કેદની અથવા દંડની અથવા તે બંને શિક્ષા કરવામાં આવશે.

**<u>આ ગુનો સાબિત કરવા માટે નીચે જણાવેલ તત્વો ફરીયાદ પક્ષે સાબિત કરવા જોઈએ.</u>**

૧. આરોપીએ કોઈ દસ્તાવેજ સહી કર્યો, સીલ કર્યો અથવા કરી આપ્યો અથવા કરી આપ્યો હોય તેવું ચિહ્ન કર્યુ કે દસ્તાવેજનો કોઈ ભાગ કરી આપ્યો,

૨. આવો દસ્તાવેજ કલમ–૪૬૪ માં દસ્તાવેજમાં દર્શાવેલ ત્રણ પૈકી કોઈ પ્રકારમાં પડતો હતો,

૩.આવો દસ્તાવેજ આરોપીએ અપ્રમાણિકપણે અથવા કપટપૂર્વક અથવા કલમ–૪૬૩માં દર્શાવેલ કોઈ દાદથી કરી આપ્યો.

**ભારતીય દંડ સંહિતાની કલમ–૪૬૭ :** કિંમતી જામીનગીરી, વીલ વિગેરેની ખોટીબનાવટ કરવાનો ગુનો :–

જે કોઈ વ્યકિત, કોઈ કિંમતી જામીનગીરી અથવા વીલ અથવા પુત્ર દતક લેવાનું અધિકારપત્ર હોવાનું અભિપ્રેત હોય તેવા દસ્તાવેજ અથવા કોઈ કિંમતી જામીનગીરી બનાવવાનો અથવા તેનો તબદીલ કરવાનો અથવા મુદલ રકમ, તેનું વ્યાજ કે ડીવીડન્ડ સ્વીકારવાનો અથવા કોઈ રકમ, વસ્તુ કે કિંમતી જામીનગીરી સ્વીકારવાનો કે આપવાનો અધિકાર આપતો હોવાનું અભિપ્રેત હોય તેવા દસ્તાવેજની અથવા જે નાણાં મળ્યાની પહોંચ અથવા પાવતી અથવા કોઈ વસ્તુ કે કિંમતી જામીનગીરી મળી ગયાની પહોંચ અથવા

પાવતી હોવાનું અભિપ્રેત હોય તેવા દસ્તાવેજની ખોટી બનાવટ કે કિંમતી જામીનગીરી મળી ગયાની પહોંચ અથવા પાવતી હોવાનું અભિપ્રેત હોય તેવા દસ્તાવેજની ખોટી બનાવટ કરેવાનો ગુનો કરે તેને આજીવન કેદની અથવા દસ વર્ષની મુદત સુધીની બેમાંથી કોઈપણ પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે અને તે દંડને પણ પાત્ર થશે.

**ભારતીય દંડ સંહિતાની કલમ–૪૭૧ :** બનાવટી (ખોટો) દસ્તાવેજનો ખરા તરીકે ઉપયોગ કરવા બાબત :–

જે કોઈ વ્યકિત, (કોઈ દસ્તાવેજ અથવા ઈલેકટોનીક રેકર્ડ ) ખોટો હોવાનું પોતે જાણતી હોય અથવા પોતાને તેમ માનવાને કારણ હોય તેનો બદદાનતથી અથવા કપટ પૂર્વક ખરા દસ્તાવેજ તરીકે ઉપયોગ કરે, તેણે પોતે તે (દસ્તાવેજ અથવા ઈલેકટોનીક રેકર્ડ) ખોટી બનાવટ કરવાનો ગુનો કર્યો હોય એમ ગણીને તે રીતે જ શિક્ષા કરવામાં આવશે.

**<u>આ ગુનો સાબિત કરવા માટે નીચે જણાવેલ તત્વો ફરીયાદ પક્ષે સાબિત કરવા જોઈએ.</u>**

૧.સંડોવાયેલ દસ્તાવેજ બનાવટી હતો,

૨.આવો બનાવટી દસ્તાવેજ આરોપીએ કર્યો હતો, અથવા

૩. આરોપી જાણતા હતા અથવા તેમને એવું માનવાને કારણ હતું કે આ દસ્તાવેજ બનાવટી છે.

૪.આરોપીએ આ દસ્તાવેજ બનાવટી હોવાનું જાણવા છતા સાચા તરીકે કર્યો, તેને ઉપયોગ સાચા તરીકે કર્યો.

૫. આરોપીએ આવું કૃત્ય કપટ કરવાના ઈરાદાથી અપ્રમાણિ કપણે કર્યું.

ઉપરોકત ગુનાઓના તત્વો પુરવાર થાય તો આરોપીઓ ભારતીય દંડ સહીતાની કલમ – ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૧૪ અન્વયે કસુરવાર ઠરે.

(૧૩) હવે આ કામે પડેલા પુરાવાઓની ચર્ચા કરીએ તો, હવે આ કામે આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ ઇ.પી.કો.ની કલમ ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૧૪ મુજબ મુજબનો ગુનો નોંધયેલ છે. કોઇપણ ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરીયાદપક્ષના શીરે રહે છે. એટલે કે, પોતાનો કેસ નિઃશંકપણે સાબિત કરવાની જવાબદારી ફરીયાદપક્ષની છે. ફોજદારી કાર્યવાહીમાં ફરીયાદપક્ષે સંભવીતતા દર્શાવવાની નથી પરંતુ આરોપી પર મુકવામાં આવેલ તહોમત શંકાથી પર સાબિત કરવાનું છે.આ કામે પુરાવાનો બોજો કયારેય આરોપી પર ખસતો નથી.ફોજદારી કાર્યવાહીમાં જો આરોપી કોઇ અપવાદોનો લાભ લેવા માંગતો હોય તો તેણે પુરાવાનાં સિધ્ધાંતો મુજબ સંભવીતતા દર્શાવવાની રહે છે. તે શંકાથી પર સાબિત કરવાની જરૂર નથી. સાબિત થયેલી હકીકતો કોને કહેવાય તે જોવામાં આવે તો, એક સામન્ય સમજણ ધરાવતી વ્યક્તિ જે સંજોગોમાં જે હકીકતોનું અસ્તિત્વ હોવાનું માને તો તેવી હકીકતોને સાબિત થયેલી ગણાય.

(૧૪) ઉપરોકત સિધ્ધાંતોને નજર સમક્ષ રાખી આ કામે પડેલાં પુરાવાઓ તેમજ ફરીયાદપક્ષની ફરીયાદની હકીકતો ધ્યાનમાં લઇએ તો, આ કામે ફરીયાદ આંક–૫૨ થી રજુ છે. જેમાં ફરીયાદીએ જણાવેલ છે કે, મોજે લીયાગામના સીમની બ્લોક નં. ૧૮૭ ની હે.આરે.ચો.મી. ૨–૧૮–૫૩ ની જમીન તેઓના પિતાજીનાં નામે ચાલતી હતી અને તેઓનુ અવસાન થતાં નોંધ નં. ૧૫૧૦ તા.૧૫/૧/૮૮ થી ફરીયાદી તથા તેમના માતા દેવુ બેન તથા ભાઇ મહાદેવભાઇ તથા બે બહેનો કંચનબેન અને જશીબેનનાં નામો દાખલ થયેલા. જેમાંથી મહાદેવભાઇ અને દેવુબેન મરણ ગયેલ છે. જેમાં સને ૨૦૧૧ ની સાલમાં તેઓએ રેવન્યુ માંથી નકલો કઢાવતાં માલુમ પડેલ કે આ જમીન તેમના ગામનાં ભુરાભાઇએ ખોટા સહી અંગુઠાઓ કરાવી વેચાણ દસ્તાવેજ કરેલ છે. જેથી હાલની ફરીયાદ તેઓએ દાખલ કરેલ છે. જે અંગે પડેલ પુરાવાઓની ચકાસણી કરવામાં આવે તો, આ કામે ફરીયાદપક્ષે ફરીયાદી ને તપાસેલ છે. તેઓ પોતાની જુબાનીમાં લીયા ગામે બ્લોક નં. ૧૮૭ ની જમીન તેમના પીતાજીના નામે આવેલ હતી તેમા તેઓ ૩ બહેનો

અને તેમની માતા અને ભાઇનુ નામ દાખલ થયેલ અને ત્યારબાદ આ જમીન ભુરાભાઇ કમાભાઇને સને ૧૯૯૯માં વેચાણ આપેલ તે સીવાય કશુ બનેલ નહી તેમ જણાવે છે. વળી તેઓ ઉલટતપાસમાં સ્વિકારે છે કે આ કામના આરોપી સાથે તેઓને કોઇ મનદુખ નથી કે આ મીલકત બાબતે કોઇ તકરાર નથી . વધુમાં આંક–૫૩ થી રજુ અરજીમાં તેઓનો અંગુઠો છે પરંતુ તેમાં શું લખેલ છે તેની તેમને ખબર નથી અને પોલીસે જાતે ફરીયાદ લખી લીધેલ અને તેમને વાંચી સંભળાવેલ નહી. વધુમાં કબુલ કરેલ છે કે, સદર કામે તપાસ કરનાર અમલદારે આરોપીની ઓળખ પરેડ પણ કરાવેલ નહી. વધુમાં કબુલ કરેલ છે કે ત્રણેય બહેનોના અંગુઠા પંચોની હાજરીમાં લીધેલ હોય તેવુ પણ બનેલ નથી. વળી સદર ફરીયાદીને ફરી ગયેલ જાહેર કરવાં આવેલ છે. આમ ફરીયાદીનાં પુરાવાથી ફરીયાદપક્ષનાં કેસને સમર્થન મળતું નથી. તેમજ આ કામે સાહેદ કંચનબેન અને જશીબેનને પણ તપાસવામાં આવેલ છે. તેઓ પણ લીયા ગામની જમીન ભુરાભાઇ કમાભાઇને સને ૧૯૯૯મા વેચાણ આપેલાની હકીકત જ જણાવે છે તે સીવાય કાંઇ બનેલ ન હોવાનુ જણાવે છે. વળી પોલીસે એક કાગળમા અંગુઠો કરવાનુ કહેતા તેઓ અંગુઠો કરેલ અને તેમા શુ લખેલ તે તેમને ખબર  ન હોવાનુ જણાવે છે.  તેઓ ઉલટતપાસમાં સ્વીકાર કરે છે કે આ કામના આરોપી સાથે તેઓને કોઇ મનદુખ નથી કે આ મીલકત બાબતે કોઇ તકરાર નથી. વધુમાં આંક–૫૩ થી રજુ અરજીમા તેઓનો અંગુઠો છે પરંતુ તેમા શું લખેલ છે તેની તેમને ખબર નથી અને પોલીસે જાતે ફરીયાદ લખી લીધેલ અને તેમને વાંચી સંભળાવેલ નહી. આમ સદર સાહેદો તેમજ ફરીયાદી તેમની જુબાનીમા આ મીલકત આરોપીએ ખોટી રીતે દસ્તાવેજ કરાવી લઇ રેવન્યુ રેકર્ડમાં પોતાના નામે કરી લીધેલ હોય અને ખોટા વ્યકિત ની સાચા તરીકે ઓળખાણ આપી ખોટા દસ્તાવેજ રજીસ્ટર કરાવી લીધેલ હોય તેવો કોઇ પુરાવો આપતાં નથી.  આમ ફરીયાદપક્ષનાં તમામ સાહેદો હોસ્ટાઇલ જાહેર થયેલ છે. અને વિ. એ.પી.પી.શ્રીએ તેઓની વિગતવારની ઉલટતપાસ પણ કરેલ છે. પરંતુ તેઓ ફરીયાદને મદદકર્તા પુરાવો મેળવી શકેલ નથી. આમ ફરીયાદપક્ષનાં મહત્વનાં સાહેદો પોતાનાં કેસનું સમર્થન કરતાં નથી. વળી આ કામે આરોપીપક્ષની સંમતીથી તમામ દસ્તાવેજોને આંક આપવામાં આવેલ છે. પરંતુ તેટલા માત્રથી આરોપીએ જ

સદર ગુનો કરેલ છે તે બાબત સાબીત થઇ શકતી નથી. વળી આ કામે ફરીયાદી તેમજ સાહેદોએ ઉલટતપાસ દરમ્યાન કબુલ કરેલ છે કે હાલમાં આરોપીઓ સાથે કોઇ મનદુ:ખ નથી અને તેઓને સારા સબંધો છે. હવે આ કામે ફરીયાદપક્ષે વધુ કોઇ સાહેદો તપાસેલ નથી કે પુરાવાઓ રજુ કરેલ નથી. તેમજ આંક–૭૯ થી કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે.

આમ ફરીયાદી કે ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ સાહેદો ફરીયાદપક્ષની હકીકતોને લેશમાત્ર સમર્થન કરતાં નથી. વધુમાં આ કામે ફરીયાદની હકીકતો ધ્યાને લેતાં આરોપીનં. ૧ નથ્થુભાઇ ભુરાભાઇ નાએ ખોટા દસ્તવેજ બનાવી તેમાં ફરીયાદી તથા તેઓના કુટુંબીઓનાં ખોટા અને બનાવટી અંગેઠાઓ કરી તે દસ્તાવેજ રજીસ્ટર કરાવેલ અને ત્યારબાદ આરોપીઓએ ભુરાભાઇ ગુજરી ગયા બાદ સદર જમીન તેઓનાં નામે વારસાઇ કરાવેલ હોવાનો આક્ષેપ છે. પરંતુ ફરીયાદી તથા રજુ કરેલ સાહેદો આવી કોઇ હકીકત જણાવતાં નથી. ઉલટાંનુ તેઓ સને ૧૯૯૯ની સાલમાં સદર જમીન વેચાણ આપેલ હોવાનો પુરાવો આપેલ છે આમ તે રીતે તકરારી દસ્તાવેજ ખોટા અને બનાવટી અંગુઠાઓ કરી ઉભા કરેલ છે તેમ સાબીત થતું નથી.

હવે હાલનાં કામે આગળ ચર્ચા કરીએ તો આ કામે તપાસ કરનાર અમલદારે તકરારી અંગુઠાનાં નીશાન તપાસ દરમ્યાન સરખામણી કરાવવા સારુ એફ.એસ.એલ. અમદાવાદને મોકલેલ હતા. જે અંગુઠાનાં નીશાન આંક–૬૦ થી રજુ કરવામાં આવેલ છે તેમજ એફ.એસ.એલ. રીપોર્ટ આ કામે આંક–૬૨ થી રજુ કરવામાં આવેલ છે. હવે આ કામે સદર નમુનાનાં અંગુઠા પંચો તેમજ તપાસ કરનાર અમલદારની હાજરીમાં લેવામાં આવેલ હતા. પરંતુ આ કામે ફરીયાદપક્ષે આવા કોઇ પંચસાહેદોને તપાસેલ નથી કે જેની રુબરુ અંગુઠા લેવાયેલ હતા તેવા અધીકારીને પણ તપાસેલ નથી. આમ, તે રીતે આ દસ્તાવેજ સાબીત થતો નથી. હવે આ કામે ફરીયાદપક્ષે આરોપીઓની સમંતીથી આ દસ્તાવેજોને આંકે પડાવેલ છે.જેથી સદર રીપોર્ટ આ કામે વંચાણે લેતા, એફ.એસ.એલ. અધીકારી એવા તારણ પર આવેલ છે કે,આ દસ્તાવેજનાં અંગુઠા અને નમુનાનાં અંગુઠા મળતાં આવતાં નથી. હવે

આ કામે સદર એફ.એસ.એલ. અધીકારીને પણ તપાસવામાં આવેલ નથી. પરંતુ તેમ છતાં સદર દસ્તાવેજ માની લઈએ તો પણ આ દસ્તાવેજોમાં ફરીયાદી તથા તેમની બહેનોનાં અંગુઠા ન હોવાની હકીકત સાબીત થઈ શકે છે. પરંતુ આ કામે તકરારી દસ્તાવેજમાં આરોપીઓની જ સહીઓ તેમજ અંગુઠાઓ કરેલ હોવાનું સાબીત થતુ નથી. આમ આ સંજોગોમાં આરોપીઓએ જ હાલનો ગુનો કરેલ હોય તેમ શંકાથી પર સાબીત થતું નથી, આરોપી સામેનો આક્ષેપ તે રીતે પણ સાબીત થતો નથી.

**(૧૫)** વધુમાં સદર કામે રંગ બહાદુર સિંઘ વિ. સ્ટેટ ઓફ ય.પી. નો ચુકાદો ધ્યાને લેવામાં આવે તો The Hon'ble Apex Court in Rang Bahadur Singh V. State of U.P. reported in AIR 2000 SC 1209 has held as follows :

> **“The time-tested rule is that acquittal of a guilty person should be preferred to conviction of an innocent person. Unless the prosecution establishes the guilt of the accused beyond reasonable doubt a conviction cannot be passed on the accused. A criminal court cannot afford to deprive liberty of the appellants, lifelong liberty, without having at least a reasonable level of certainty that the appellants were the real culprits.”**

In yet another decision in State of U.P. V. Ram Veer Singh and Another reported in 2007 (6) Supreme 164 the Hon'ble Apex Court has held as follows:

> **"The golden thread which runs through the web of administration of justice in criminal cases is that if two**

view are possible on the evidence adduced in the case, one pointing to the guilt of the accused and the other to his innocence, the view which is favourable to the accused should be adopted. The paramount consideration of the Court is to ensure that miscarriage of justice is prevented. A miscarriage of justice which may arise from acquittal of the guilty is no less than from the conviction of an innocent. In a case where admissible evidence is ignored, a duty is cast upon the appellate Court to re-appreciate the evidence where the accused has been acquitted, for the purpose of ascertaining as to whether any of the accused really committed any offence or not."

(૧૬) આમ ઉપરોકત નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદાઓ ધ્યાને લેતા, આપણી ફોજદારી ન્યાય વિતરણ પધ્ધતિ મુજબ, ફરીયાદપક્ષે યોગ્ય પુરાવો રજુ કરીને આરોપી સામે મુકવામાં આવેલાં તહોમ તો નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે. ખાસ અપવાદરુપ સંજોગોમાં કેસ પડતો હોય, તે સિવાય બચાવપક્ષ ને પોતાની નિર્દોષતા પુરવાર કરવા માટે પુરાવો રજુ કરવાની આવશ્યકતાં રહેતી નથી. ફરીયાદપક્ષ ના પુરાવામાં શંકા ઉભી થઇ શકે, તેવી હકીકત ફરીયાદ પક્ષનાં સાહેદો ની ઉલટ તપાસમાં તથા રજુ થયેલ પુરાવામાં બચાવપક્ષ લાવી શકે તો તેઓને માટે તે પુરતું છે. આટલી પુર્વભૂમિકાબાદ આ સંદર્ભે આ કામે ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાની વિચારણાં કરીને, ફરીયાદપક્ષે આરોપી સામે જે આક્ષેપો કરેલા છે તે પુરવાર કરી શકયો છે કે કેમ તે નકકી કરવાનું રહે છે.

હવે પુરાવાના મુલ્યાંકનનો આધાર પુરાવાના કાયદાની કલમ ૩ માં કરવામાં આવેલી સાબીત અને નાસાબીતની વ્યાખ્યા પર આધારીત છે. સાબીત થયેલી હકીકતો કોને કહેવાય તે જોવામાં આવે તો અદાલત સમક્ષ

પડેલી પુરાવાની બાબતો પરથી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યકિત જે તેસંજોગોમાં જે હકીકતનું અસ્તિત્વ હોવાનું માને તો તેવી હકીકત સાબિત થયેલી ગણાય.

**(૧૭)** આમ ઉપરોકત ચર્ચા કર્યા મુજબ આ કામે આ કામના આરોપીઓએ ગઈ તા.૨૦/૧૧/૧૯૯૯ ના રોજ મોજે લીયાગામની સીમ એવી રીતે કે આ કામના ફરીયોદીની મોજે લીયાગામના સીમ બ્લોક નં.૧૮૭ ની હે.આરે.ચો.મી. ૨–૧૮–૫૩ ની જમીન પોતાના પિતા કરશનભાઈ નાગરભાઈના નામે આવેલ હતી જેઓનુ અવસાન થતા આ જમીનમાં વારસાઈ તરીકે ફરીયાદી તથા તેમના કુટુંબના માણસો ના નામે આવેલ હતી. જે જમીન આ કામના આરોપી નં.–૧ નાઓ તા.૦૧/૦૨/૨૦૦૦ ના રોજ મરણ ગયેલ છે.તે આરોપીએ ફરીયાદી તથા ખેડુત ખાતેદારોના ખોટા સહી–અંગુઠા કરાવી રજી.વેચાણ દસ્તાવેજ નં.૧૧૩૭/૯૯ તા.૨૦/૧૧/૯૯ ના રોજ થી આ જમીન આરોપી નં.૧ નાએ ખોટી વ્યકિતઓ પાસેથી ખોટી રીતે દસ્તાવેજ કરાવી લઈ તેમજ આ જમીન રેવન્યુ રેકર્ડમા પોતાના નામે કરી લીધેલાનુ આરોપી નં.૨,૩,૪,૫ જાણતા હોવા છતા આરોપી નં.૨,૩,૪,૫ નાઓએ વારસાઈ નોંધ નં.૧૯૧૫ તા.૨૬/૦૨/૨૦૦૭ થી વારસાઈ હકકે પોતાના નામ આ જમીનમાં ખોટી રીતે દાખલ કરાવી આરોપી નં.૬,૭ નાઓએ દસ્તાવેજ લખી આપનારને તેઓ જાતે ઓળખે છે અને તેઓની ઓળખાણ આપે છે તે બાબતની દસ્તાવેજમાં સબ રજીસ્ટાર રૂબરૂ સાક્ષી તરીકે સહીઓ કરી ખોટા વ્યકિતઓના સાચા તરીકે ઓળખ આપી ખોટો દસ્તાવેજ રજીસ્ટર કરાવી આરોપીઓએ ફરીયાદીની જમીન હડફ કરવા સારૂ ફરીયાદી સાથે ગુનાહીત વિશ્વાસઘાત કરી ગુનો કરવામાં એકબીજાએ મદદગારી કરી આ કામે ઈ.પી.કો.ની કલમ ૪૬૫,૪૬૭,૪૬૮,૪૭૧,૧૧૪ મુજબનો ગુનો કરેલ હોવાનું ફરીયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરી શકતો નથી. જેથી મુદ્દા નં. ૧ નો નિર્ણય નકારમાં આપી મુદ્દાનં. ૨ નો આખરી નિર્ણય નીચે મુજબ કરૂં છું.

**–:: આ ખરી હુ ક મ ::–**

(૧) આ કામના આરોપી નં. **(૨) રઇજીભાઇ ભુરાભાઇ ભરવાડ, (૩) પ્રભુભાઇ અંબારામભાઇ કોળી પટેલ, (૪) પોપટભાઇ શંકરભાઇ વાળંદ, (૫) રામસીંગભાઇ ભુરાભાઇ ભરવાડ, (૬) બાલુબેન ભુરાભાઇ ભરવાડ, તમામ રહે. લીયા ગામ, વિરમગામ, જી. અમદાવાદ** વાળા નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૮(૧) અન્વયે ઇ.પી.કો.ની કલમ ૪૬૫,૪૬૭,૪૬૮,૪૭૧,૧૧૪ મુજબનાં ગુનાનાં કામે પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીએ સી.આર.પી.સી. ની કલમ–૪૩૭(એ) મુજબનાં અપીલ અદાલત સમક્ષ હાજર રહેવાની ખાત્રી આપતા રૂ.૨૫,૦૦૦/– (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા) ના જાતમુચરકા તથા જામીન રજુ રાખવા.

હુકમ આજ રોજ તારીખ : ૧૫મી, માહે: મે, સને : ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૫/૦૫/૨૦૨૬ (આર.બી.મારફતિયા)

સ્થળ :– વિરમગામ એડીશ્નલ ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,

વિરમગામ.

*CODE No. GJ00633*

*પી.એ.પરમાર(પી.એ.)*